# સુરત મહાનગરપાલિકા

## પાણી સમિતિ

## સુ ચ ના

સુરત મહાનગરપાલિકાની **પાણી સમિતિની** એક સભા **તા.૨૯–૦૬–૨૦૨૪** ના રોજ સાંજના ૪–૦૦ કલાકે મહાનગરપાલિકા કચેરીના નવા એનેક્ષી બિલ્ડીંગના **"સ્થાયી સમિતિ સભાખંડ"** માં નીચે જણાવેલ કામો પર વિચારણા કરવા સારૂ મળશે.

૧. મ્યુ.ક.શ્રીનો તા.૧૧–૩–૨૦૨૪ નો પત્ર, સુ.મ.પા.ના ખાતા વિવિધ ઝોન ધ્વારા દરખાસ્ત સાથે સામેલ પત્રક–અ માં જણાવેલ કુલ–૧૪ કામો અંગે કુલ રૂા.૪૪,૭૪,૬૭૦–૫૪ અને પત્રક–બ માં જણાવેલ કુલ–૧૦ કામો અંગે કુલ રૂા.૨૦,૮૫,૨૪૬–૭૨ ના થયેલ ખર્ચની એકટની કલમ ૭૩(ડી) હેઠળ જાણ લેવા તથા પત્રક–બ માં જણાવેલ કામો અંગે ટેન્ડર ન મંગાવવ ાની થયેલ અનિયમિતતા કોન્ડોન કરવા બાબત.

૨. મ્યુ.ક.શ્રીનો તા.૬–૩–૨૦૨૪ નો પત્ર, પૂર્વ ઝોન–એ ના વિસ્તારમાં આવેલ વિવિધ ઓવરહેડ ટાંકીઓની હયાત કબુતર જાળી કાઢી નવી FRP moulded Grating Type ની કબુતરજાળી લગાવવાના કામે આવેલ કુલ–૨ ટેન્ડરો પૈકી નીચા ભાવના ટેન્ડરના ટેન્ડરર ગૌરવ બિલ્ડર (smitbuildconco), સુરતનું ટેન્ડરની અંદાજી રકમ રૂા.૧૯,૪૭,૦૪૪–૧૮ થી ૧૦.૧૦% નીચુ એટલે કે રૂા.૧૭,૫૦,૩૯૨–૭૨ નું ટેન્ડર કબુલ રાખવા તથા તેઓ સાથે કરારનામુ કરવા મ્યુ.ક.શ્રીને અધિકૃત કરવા બાબત.

૩. મ્યુ.ક.શ્રીનો તા.૨૯–૨–૨૦૨૪ નો પત્ર, હાઈડ્રોલિક વિભાગ હસ્તક આવેલ પાણી પુરવઠાની ઓવરહેડ ટાંકીઓની સાફ–સફાઈના કામે વાર્ષિક ધોરણે ઈજારો સોંપવાના કામે આવેલ એકમાત્ર ટેન્ડરના ટેન્ડરર આદર્શ કલીન એન્ડ કેર, વલસાડ પાસે રૂા.૩૬/– પ્રતિ ચો.મી. મુજબ કુલ રૂા.૨૫,૦૦,૦૦૦/– ની મર્યાદામાં ઉકત કામગીરી કરાવવા તેઓનું ટેન્ડર કબુલ રાખવા તથા તેઓ સાથે કરારનામુ કરવા મ્યુ.ક.શ્રીને અધિકૃત કરવા બાબત.

૪. મ્યુ.ક.શ્રીનો તા.૨૯–૨–૨૦૨૪ નો પત્ર, હાઈડ્રોલિક વિભાગ હસ્તક આવેલ પાણી પુરવઠાની ભૂગર્ભ ટાંકીઓની સાફ–સફાઈના કામે વાર્ષિક ધોરણે ઈજારો સોંપવાના કામે આવેલ એકમાત્ર ટેન્ડરના ટેન્ડરર આદર્શ કલીન એન્ડ કેર, વલસાડ પાસે રૂા.૩૦.૯૦ પ્રતિ ચો.મી. મુજબ કુલ રૂા.૨૫,૦૦,૦૦૦/– ની મર્યાદામાં ઉકત કામગીરી કરાવવા તેઓનું ટેન્ડર કબુલ રાખવા તથા તેઓ સાથે કરારનામુ કરવા મ્યુ.ક.શ્રીને અધિકૃત કરવા બાબત.

૫. મ્યુ.ક.શ્રીનો તા.૧૪–૬–૨૦૨૪ નો પત્ર, વિયર–કમ–કોઝવે ખાતે ગેટેડ પોર્શનના ભાગે અપસ્ટ્રીમમાં ગેટના પીયરની ઉપરના આર.સી.સી. / એમ.એસ.બીમને સ્ટ્રેન્ધનીંગ કરવાના કામે આવેલ કુલ–૨ ટેન્ડરો પૈકી નીચા ભાવના ટેન્ડરના ટેન્ડરર કૌશિક જે. દલવાડી, સુરતનું ટેન્ડરની અંદાજી રકમ રૂા.૧૬,૨૯,૫૪૭–૮૭ થી ૩.૬% ઉંચુ એટલે કે રૂા.૧૬,૮૮,૨૧૧–૫૯ નું ટેન્ડર વ્યાજબી જણાતું હોય કબુલ રાખવા તથા તેઓ સાથે કરારનામુ કરવા મ્યુ.ક.શ્રીને અધિકૃત કરવા બાબત.

૬. મ્યુ.ક.શ્રીનો તા.૧૧–૩–૨૦૨૪ નો પત્ર, સાઉથ વેસ્ટ ઝોનમાં અઠવા, અલથાણ અને ભીમરાડ જળ વિતરણ મથકના ડીસ્ટ્રીબ્યુશન નેટવર્ક વિસ્તારમાં આવેલ ૧૦૦ થી ૬૦૦ મી.મી. વ્યાસની ડી.આઈ.સી.એલ. / સી.આઈ. ડીસ્ટ્રીબ્યુશન નેટવર્ક પૈકીની બાકી રહી ગયેલ, હયાત નેટવર્ક સ્ટ્રેન્થનીંગ માટે તથા અન્ય જરૂરી ડી.આઈ.સી.એલ. ની પાણી પુરવઠાની નળીકા નાંખવા તથા અઠવા, અલથાણ અને ભીમરાડ જળ વિતરણ મથકના ડીસ્ટ્રીબ્યુશન નેટવર્ક વિસ્તારમાં મરામત નિભાવની કામગીરી સ્થા.સ.ઠ.નં.૩૭૮/૨૦૨૧ થી મંજુર થયેલ યુનિટ રેઈટ અને શરતે કરવા એમ્પેનલ યાદીના માન્ય કુલ–૭૬ ઈજારદારો પૈકી કોઈપણ એક ઈજારદારને ઉકત કામ અંદાજી રકમ રૂા.૨૩,૧૨,૭૦૨–૭૬ થી ૭.૮૦% ઉંચા ભાવે એટલે કે રૂા.૨૪,૯૩,૦૯૩–૫૮ ના ખર્ચે સોંપવા તથા ઈજારદાર સાથે કરારનામુ કરવા મ્યુ.ક.શ્રીને અધિકૃત કરવા બાબત.

૭. મ્યુ.ક.શ્રીનો તા.૧૩–૬–૨૦૨૪ નો પત્ર, પશ્ચિમ ઝોન, ટી.પી. સ્કીમ નં.૧૨ (અડાજણ), ફા.પ્લોટ નં.૯૫, ૯૬, ૯૮, ૯૯ માં આવેલ આનંદ રો હાઉસના રસ્તા ઉપર પાણી પૂરવઠાની ૧૦૦ મી.મી. તથા ૧૫૦ મી.મી. વ્યાસની ડી.આઈ./સી.આઈ. નળીકા નાંખવાના માલસામાનના રૂા.૧૩,૪૮,૨૦૦/– તથા મજુરી કામના રૂા.૨,૮૩,૫૦૦/– મળી કુલ રૂા.૧૬,૩૧,૭૦૦/– ના નેટ તથા રૂા.૧૬,૬૪,૫૦૦/– ના ગ્રોસ અંદાજ મંજુર કરવા બાબત.

૮. મ્યુ.ક.શ્રીનો તા.૬–૩–૨૦૨૪ નો પત્ર, હાઈડ્રોલિક ખાતાના રાંદેર વોટર વર્કસ ખાતે નવા બુસ્ટર હાઉસમાં વી.ટી. પંપસેટો અને તેને સંલગ્ન મીકેનીકલ અને ઈલેકટ્રીકલ ઈકવીપમેન્ટસ વિગેરે પુરા પાડી, ફીટ કરી, ટેસ્ટીંગ કરી ચાલુ કરી આપવાના રૂા.૯૬,૮૯,૫૪૮/– (જી.એસ.ટી. સહિત) ના નેટ તથા રૂા.૧,૦૩,૬૭,૮૧૬–૩૬ ના ગ્રોસ અંદાજ મંજુર કરવા સા.સભાને ભલામણ કરવા બાબત.

૯. મ્યુ.ક.શ્રીનો તા.૧૫–૬–૨૦૨૪ નો પત્ર, મહા.ના હાઈડ્રોલિક ખાતાના પાંડેસરા જળ વિતરણ મથક ખાતે બુસ્ટરહાઉસ નં.૨ ઈન્ડસ્ટ્રી માટે સપ્લાય નેટવર્ક માટે નવા પંપસેટ તથા તેને સંલગ્ન મીકેનીકલ અને ઈલેકટ્રીકલ આઈટમો સપ્લાય કરી, ફીટ કરી, ટેસ્ટીંગ કરી ચાલુ કરી આપવાના રૂા.૨,૫૫,૪૨,૬૦૦/– (જી.એસ.ટી. વગર) ના નેટ તથા રૂા.૨,૭૩,૩૦,૬૦૦/– (જી.એસ.ટી. વગર) ના ગ્રોસ અંદાજ મંજુર કરવા સા.સભાને ભલામણ કરવા બાબત.

આ દે શ થી,

૨૧. ૨.૫૨૯

ઈ.ચા.મ્યુ.સે ક્રે ટ રી,
સુરત મહાનગરપાલિકા

મહાનગરપાલિકા કચેરી
સુરત, તા.૨૬–૦૬–૨૦૨૪

*A. K. DESAI*